# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-01-2025** **Midday : 2.30 TO 2.35**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# DANG REPUBLIC DAY

ડાંગમાં જિલ્લાકક્ષાનો પ્રજાસત્તાક દિવસ સુબીરની નવજ્યોત હાઇસ્કૂલ ખાતે યોજાશે. જે અંગે જિલ્લા કલેકટર બી. બી. ચૌધરીએ સંબંધિત જિલ્લા અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં જિલ્લા કલેકટરે કાર્યક્રમ સ્થળની ચકાસણી સહિત રજૂ થનારા સાંસ્કૃતિક કાર્યક્રમો, માહિતીપ્રદ ટેબ્લો, શિસ્તબદ્ધ પરેડ તથા વ્યક્તિ વિશેષના સન્માન સહિતના કાર્યક્રમની વ્યવસ્થાઓ બાબતે માર્ગદર્શન આપ્યું હતું.

પાટણ જિલ્લા કક્ષાનાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી પાટણ અને સરસ્વતી તાલુકા વચ્ચે આવેલા પ્રાચીન જાળેશ્વર મહાદેવ મંદિર, પાલડી ખાતે યોજાશે.

પાટણ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર અરવિંદ વિજયનની અધ્યક્ષતામાં પૂર્વતૈયારીની બેઠક યોજાઈ હતી, જેમા સંલગ્ન અધિકારીઓને વિવિધ કામગીરી સોંપવામાં આવી હતી.

મહીસાગર જિલ્લા કક્ષાની ઉજવણી સંતરામપુર તાલુકા મથકે કરાશે. ગઈ કાલે લુણાવાડા કલેકટર કચેરીમાં કલેક્ટર નેહા કુમારીના અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી.

સંતરામપુરનાં આઝાદ મેદાન ખાતે યોજાનારા ધ્વજવંદન સમારોહમાં વિવિધ વિભાગોના ટેબ્લો, સાંસ્કૃતિક કાર્યક્રમ તેમજ વિવિધ ક્ષેત્રો વિશિષ્ટ કામગીરી કરનાર કર્મયોગીને પ્રમાણપત્ર આપી મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવશે.

. . . . . . . . . . . . .

# TAPI SAKHI ONE STOP

તાપી જિલ્લાના વ્યારા ખાતે સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા એક મહિલાને તેના પરિવાર સાથે મિલન કરાવી પ્રશંસનીય કરવામાં આવ્યું હતું. રાજસ્થાનની મહિલા તેના પરિવારથી દૂર તાપી જિલ્લાના વ્યારામાં આવી પહોંચી હતી.દરમિયાન સખી વન સ્ટોપ સેન્ટરની ટીમે મહિલાને સુખદ રીતે પરિવારને સોંપી હતી.

ઉલ્લેખનીય છે કે ઘરેલુ કે અન્ય હિંસાથી પીડિત મહિલાઓ માટે સખી વન સ્ટોપ સેન્ટર 24 કલાક કાર્યરત હોય છે. આ અંગે સખી વન સ્ટોપ સેન્ટરના સંચાલિકા મધુ પરમારે આ મુજબ જણાવ્યું કે..

(Byte - Madhu Parmar)

. . . . . . . . . . . . .

# MEHSANA – UTRARDH MAHOTSAV

મોઢેરાના સૂર્યમંદિર ખાતે આવતીકાલથી 19 જાન્યુઆરી દરમિયાન ઉત્તરાર્ધ મહોત્સવ-૨૦૨૫ યોજાશે. આ મહોત્સવમાં ભરતનાટયમ, ઓડિસી, કુચીપૂડી, મોહિની અટ્ટમ, કથ્થક, કથકલી, મણિપુરી અને સતરીયા જેવા શાસ્ત્રીય નૃત્યના વિશ્વવિખ્યાત કલાકારોની પ્રસ્તુતિ રજૂ કરાશે. ઉત્તરાયણના ઉત્સવ પછી સૂર્યની ઉત્તર તરફની ઉર્ધ્વગતિને ઉત્તરાર્ધ ઉત્સવ તરીકે ઉજવવાની પરંપરા છે.

ઉલ્લેખનીય છે કે રાજ્ય સરકાર દ્વારા વર્ષ- 1992થી ઉત્તરાર્ધ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે.

. . . . . . . . . . . . .

# MAHISAGAR ACCIDENT

મહીસાગર જિલ્લાના બાલાસિનોર-અમદાવાદ હાઇવે પર કાર અકસ્માતમાં 4 લોકોના મોત થયા છે. વહેલી સવારે યુવકો કારમાં અમદાવાદથી બાલાસિનોર જતાં હતા તે દરમિયાન લાડવેલ ચોક્ડી પાસે અચાનક ગાય આવી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં કારમાં સવાર બાલાસિનોર તાલુકા ઓથવાડના બારીયાના મુવાડાના સંજય સોલંકી, વિનુ સોલંકી, લાલાભાઈ સોલંકી, અને પુજેસિંહ સોલંકીના મૃત્યુ થયા હતા.

. . . . . . . . . . . . .

# PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ રવિવારે 19 જાન્યુઆરીએ આકાશવાણી પરથી પ્રસારિત થનારા ‘મન કી બાત’ કાર્યક્રમમાં પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ **118**મી કડી હશે. આ કાર્યક્રમ માટે લોકો પોતાના વિચાર અને મંતવ્યો ટૉલ ફ્રી નંબર **1800-11-7800** પર મોકલી શકે છે. શ્રોતાઓ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અથવા તો માય જીઓવી ઑપન ફૉરમ પર પણ પોતાના વિચાર મોકલી શકે છે. આ કડી માટેના વિચાર અને મંતવ્યો આજ સાંજ સુધી સ્વીકારવામાં આવશે.

. . . . . . . . . . . . . . .

# TRAIN MAHAKUMBH

પ્રયાગરાજમાં 13 જાન્યુઆરીથી શરૂ થયેલા મહાકુંભ માટે પશ્ચિમ રેલવેએ વિવિધ મથકોથી વિશેષ ટ્રેનનું આયોજન કર્યું છે. મહાકુંભ દરમિયાન વાપી, વલસાડ, ઉધના, અમદાવાદ, સાબરમતી, વડોદરા, ભાવનગર, રાજકોટ અને ડૉ. આંબેડકર નગર જેવા વિવિધ સ્થળોએથી 11 જોડી ટ્રેન સાથે 98 ફેરા કરવામાં આવી રહ્યા છે, જે બનારસ, પ્રયાગરાજ અને લખનઉ જેવા સ્થળો માટે ચલાવવામાં આવી રહી છે. આમ, પશ્ચિમ રેલવે મહાકુંભ દરમિયાન 113 વિશેષ ટ્રેન ચલાવી રહ્યું છે.

. . . . . . . . . . . . .

# RAILWAY AWARD

અમદાવાદ ડિવિઝનના 5 રેલવે અધિકારીઓ અને આઠ રેલવે કર્મચારીઓને વિશિષ્ટ રેલવે સેવા પુરસ્કારથી સન્માનિત કરાયા છે. તાજેતરમાં જ મુંબઈમાં યોજાયેલા પશ્ચિમ રેલવેના 69મા રેલવે સપ્તાહની ઉજવણી પ્રસંગે વિશિષ્ટ રેલ સેવા પુરસ્કાર સમારોહમાં પશ્ચિમ રેલવેના 92 અધિકારીઓ અને કર્મચારીઓને તેમની વિશેષ રેલવે સેવા પુરસ્કારથી સન્માનિત કરાયા હતા, જેમાં અમદાવાદ ડિવિઝનના 5 અધિકારીઓ અને 8 કર્મચારીઓને વર્ષ 2024માં પોતાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ કાર્યક્ષમતા પુરસ્કાર અને મેરિટ સર્ટિફિકેટ એનાયત કરાયા હતા.

. . . . . . . . . . . . .

# Mahi River Reti Khanan

વડોદરા ગ્રામ્ય પ્રાંત અને પોલીસે મહી નદીમાંથી અનધિકૃત રીતે રેતી કાઢવાની પ્રવૃત્તિ પર દરોડા પાડીને ત્રણ બોટ જપ્ત કરી છે. તેમની પાસેથી એક ડમ્પર અને 100 ટન રેતીનો જથ્થો પણ મળી આવ્યો હતો, જેને ખાણ ખનીજ વિભાગને સોંપવામાં આવ્યો છે. આ તમામની કિંમત આશરે પાંચ લાખ રૂપિયા છે.

વડોદરા ગ્રામ્યમાં આવેલા કોટડા ગામ પાસેથી પસાર થતી મહી નદીમાં કેટલાક લોકો ગેરકાયદે રેતી કાઢતા હોવાની માહિતી મળતા વડોદરા ગ્રામ્ય પ્રાંત અધિકારી  રાજેશ ચૌહાણ ઉપરાંત મામલતદાર અને પોલીસની ટીમે દરોડા પાડ્યા હતા.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................